જામનગર મહાનગરપાલિકા

સને. ૨૦૧૮–૧૯ રિવાઈઝડ અને સને ૨૦૧૯–૨૦ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે કમિશનરશ્રી આર.બી. બારડ, આઈએએસ નું નિવેદન

જામનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલ વિકાસના કાર્યોની ધુરા જેમના સક્ષમ હાથોમાં છે, તેવા આ શહેરના મેયર પદે બીરાજેલ શ્રી હસમુખભાઈ જેઠવા, ડે. મેયર પદે બીરાજેલ શ્રી કરશનભાઈ કરમુર તથા સ્થાયી સમીતીના અધ્યક્ષ પદે બીરાજેલ શ્રી સુભાષભાઈ જોષી, સ્થાયી સમીતીના સદસ્યશ્રીઓ તથા અન્ય તમામ મ્યુનિ. સભ્યશ્રીઓને હું અભિવાદન સહ આવકારૂ છું.

ગત વર્ષમાં વર્ષ ૨૦૧૮–૧૯નું અંદાજપત્ર રજૂ કરતી વખતે માળખાગત સુવિધાઓ અંતર્ગત નીચે મુજબના કામોનું આયોજન રજૂ કરવામાં આવેલ. મને જણાવતા ખૂબજ આનંદ થાય છે કે, અંદાજપત્રમાં દર્શાવેલ આયોજન ચાલુ નાણાંકીય વર્ષમાં આપણે પૂર્ણ કરી શકયા છીએ. ગત વર્ષમાં રજૂ કરેલ ચાલુ વર્ષના મહત્વકાંક્ષી પ્રોજેકટો જે મહાનગરપાલિકાએ પૂર્ણ કરેલ છે. જેમાં સૌથી અગત્યનું એવુ 'અમૃત યોજના' અંતર્ગત આજી–૩ ડેમ આધારિત પાણી પૂરવઠા યોજના. આ યોજનાનું અતિ મહત્વનું એવુ પરિબળ જે વગર વરસાદે પણ જામનગર મહાનગરપાલિકા શહેરીજનોને પૂરતા પ્રમાણમાં પાણી વિતરણ કરી શકશે. આપ સૌ સુમાહિતગાર હશો જામનગર શહેરને વર્ષોથી માત્ર ત્રણ સોર્સમાંથી પાણી ઉપલબ્ધ થતું હતું. (૧) રણજીતસાગર ડેમ, (૨) ઉંડ–૧ તથા (૩) સસોઈ. અપૂરતા વરસાદને કારણે આ ડેમની અંદર પાણીનો જથ્થો નહિવત હોવાના કારણે જામનગર મહાનગરપાલિકાએ નર્મદા આધારિત પાણી ફરજીયાતપણે મેળવવાનું રહેતુ અને આ નર્મદાના પાણીના ચાર્જીસ ફરજીયાતપણે ભરપાઈ કરવાના રહેતા. જામનગર મહાનગરપાલિકા ધ્વારા 'અમૃત યોજના' અંતર્ગત આજી–૩ ડેમથી ખીજડીયા ફિલ્ટર પ્લાન્ટ સુધી રૂા. ૬૪.૬૧ કરોડના ખર્ચે ડી.આઈ. પાઈપ લાઈનનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. અને જામનગર મહાનગરપાલિકા ધ્વારા રાજય સરકારશ્રીમાં મજબુત રીતે રજૂઆત કરી 'સૌની યોજના' અંતર્ગત આજી–૩માં પાણી ઠાલવવામાં આવતા જામનગર મહાનગરપાલિકા આજી–૩માંથી દૈનિક ૪૦ એમ.એલ.ડી. પાણી મેળવી શકે છે, અને શહેરીજનોને અપૂરતા વરસાદમાં અને

મહાનગરપાલિકાના સોર્સમાં પાણી નહિવત હોવા છતા પણ આગામી ચોમાસા સુધીમાં વિના વિઘ્ને પાણી પૂરૂ પાડી શકશે. આ ઉપરાંત આજી–૩નું પાણી પ્રાપ્ત થતા નર્મદાના પાણીની જરૂરિયાત નહિવત રહેવા પામશે. જેના કારણે મહાનગરપાલિકાને અનેકગણો આર્થિક ફાયદો પણ પ્રાપ્ત થશે. આ ઉપરાંત નવા ભળેલ વુલનમીલ, ઢીંચડા રોડ વિસ્તાર માટે પાણી પૂરવઠા ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો અમૃત યોજના હેઠળ રૂા. ૬.૨૮ કરોડના ખર્ચે ઈ.એસ.આર., સમ્પ તથા પમ્પ હાઉસ વિગેરેના આનુસાંગિક કામો પૂર્ણ થવાના આરે છે.

શહેરમાં ગઢની રાંગની અંદરના નગરસીમ તેમજ બેડી વિસ્તારમાં સીવર કલેકશન પાઈપ લાઈન તથા હાઉસ કનેકશન નેટવર્ક અને પાઈપ ગટરનું અંદાજીત ૮૪ કી.મી.નું કામ હાલમાં પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે આ વિસ્તારોમાં બાકી રહેતી ભૂગર્ભ ગટરની પાઈપ લાઈનની અંદાજે ૭૦ કી.મી. અને સીવેજ પમ્પીંગ સ્ટેશન રીફરબીશમેન્ટનું કામ રૂા. ૪૯.૪૦ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

આ ઉપરાંત આયોજન હેઠળના કામો પૈકી એલ.સી. નં. ૧૯૯ ઉપર એરફોર્સ તરફના રેલ્વે ઓવર બ્રીજનું કામ મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે, અને ટૂંક સમયમાં ખાત મુર્હૂત થનાર છે. આ ઉપરાંત સેન્ટર લાઈટીંગ અને ઓવર બ્રીજ પરના લાઈટીંગ વર્કનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

આયોજન હેઠળના કામો અન્વયે ફાયર ટર્મીનલ સ્ટેશનનું કામ પણ પ્રગતિ હેઠળ હોય, જે ટૂંક સમયમાં પૂર્ણ થશે. તેમજ અમૃત યોજના હેઠળ આયોજન હેઠળના બન્ને ગાર્ડનનોના લોકાર્પણ ચાલુ વર્ષમાં કરવામાં આવેલ છે.

ડસ્ટ ફ્રી સીટીના કોન્સેપ્ટને સાર્થક કરતા આયોજન હેઠળના ડામર / સી.સી. રોડના કુલ ૩૪ કી.મી.ના રોડ રૂા. ૨૪.૫૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આયોજન અન્વયેના કુલ ૧૮૦૫ આવાસો પૈકી ૧૩૨૫ આવાસોનું કામ રૂા. ૯૧.૭૫ કરોડના ખર્ચે પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત ૫૭૬ આવાસો પણ એપ્રિલ–૨૦૧૮માં લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મોબાઈલ સેનીટેશન કોર્ટનું લોકાર્પણ.

નેશનલ અર્બન લાઈવલી હુડ મિશન અંતર્ગત નિરાશ્રીત લોકો માટે આશ્રયસ્થાન મળી રહે તે હેતુથી જામનગર શહેરના હાપા વિસ્તારમાં ૨૨૪ લોકોની ક્ષમતાવાળા નાઈટ શેલ્ટરનું આયોજન હેઠળનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

૪૮૦ વ્યકિતગત શૌચાલય પૈકી ૨૩૭ શૈચાલયની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. પ્યુરીફાઈડ બાયોગેસ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષ દરમ્યાન જામનગર મહાનગરપાલિકા ધ્વારા ૬૪,૯૬૬ ચો.મી. જેટલા દબાણો દૂર કરી જમીનનો કબ્જો મેળવવામાં આવેલ છે. જે ઉપલબ્ધ થયેલ જમીનો પૈકી સોલીડ વેસ્ટ શાખા માટે મટીરીયલ રીકવરી સેન્ટર, શિક્ષણ માટેની સ્કુલ તથા ટ્રાફિક આઈલેન્ડ બનાવવાનું આયોજન જામનગર મહાનગરપાલિકા કરી શકેલ છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે પણ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તબીબી સહાય બી.પી.એલ. કાર્ડ યોજના અંતર્ગત કુલ ૨૪૧ વ્યકિતઓને 'મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ' ઈશ્યુ કરવામાં આવેલ છે. ૨૪૯ વિધવા બહેનોને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અંતર્ગત રૂા. ૨૦,૦૦૦/–ની સહાય આપવામાં આવેલ છે. નિરાધાર વૃધ્ધ સહાય યોજના અંતર્ગત ૩૦ વ્યકિતઓને લાભ આપવામાં આવેલ છે. દિનદયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત ૨૮૦ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવેલ છે. અને તે પૈકી ૨૭૫ જેટલા સ્વસહાય જૂથોને રૂા. ૧૦,૦૦૦/– લેખે રૂા. ૧૭.૬૦ લાખની રીવોલ્વીંગ ફંડ પુરૂ પાડવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વિસ્તાર કક્ષાના સખી સંઘ અન્વયે કુલ ૪૦ વોર્ડ કક્ષાના વિસ્તાર કક્ષાના સખી સંઘની રચના કરવામાં આવેલ છે.

સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત તેમજ પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત ૬૬ જેટલા કેશો મંજૂર કરાવવામાં આવેલ છે. અને વિવિધ બેંકો ધ્વારા રૂા. ૫૧.૩૦ લાખનું ધિરાણ આપવામાં આવેલ છે. તેમજ સ્વસહાય જૂથોને લોન સહાય કાર્યક્રમ અંતર્ગત ૮૧ જેટલા જૂથોને રૂા. ૧.૧૪ કરોડનું ધિરાણ આપવામાં આવેલ છે.

: આગામી વર્ષ ૨૦૧૯–૨૦નું આયોજન :

નગરપાલિકામાંથી તા. ૦૬–૧૦–૧૯૮૧માં મહાનગરપાલિકા બન્યા બાદ વર્ષ ૨૦૦૬માં શહેરની હદ રાજય સરકારશ્રી ધ્વારા વધારવામાં આવેલ અને ૨૮ ચો.કી.મી.માંથી ૩૪ ચો.કી.મી. કરવામાં આવેલ ત્યારબાદ ઓકટોબર–૨૦૧૩માં રાજય સરકારશ્રી ધ્વારા જામનગર શહેરની હદ ૧૨૮ ચો. કી.મી. કરી આપવામાં આવેલ. આમ,

એક નાના શહેરમાંથી જામનગર ખુબજ મોટુ શહેર બની ગયુ. અને એક સાથે દરેક ક્ષેત્રમાં વિકાસની માંગ વધી ગઈ. રાજય સરકારશ્રી ધ્વારા શહેર હદ વધારાને ધ્યાને રાખતા આઉટગ્રોથ એરીયાના કામો માટે વિકાસની ગ્રાન્ટો અગાઉ ફાળવેલ હતી જે અન્વયે જામનગર મહાનગરપાલિકા ધ્વારા ૧૫૦ કી.મી. ડી.આઈ.ની મુખ્ય પાઈપ લાઈન તથા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક પાઈપ લાઈન નાખી ૪૦% જેટલા વિસ્તારોમાં પાઈપ લેઇંગની કામગીરી પૂર્ણ કરી અંદાજીત ૮૦,૦૦૦ જેટલી માનવ વસાહતને નળ વાટે પાણી પુરૂ પાડેલ. આમ, હજુ પણ બાકી રહેતી માનવ વસાહતોને સુવિધા પુરી પાડવા જામનગર મહાનગરપાલિકાની સતત માંગણીને ધ્યાને રાખતા રાજય સરકારશ્રી ધ્વારા પાણી પૂરવઠા તથા ભૂગર્ભ ગટરોના કામો માટે કુલ રૂા. ૧૨૧.૭૯ કરોડની ફાળવણી જામનગર શહેરને કરેલ છે.

નવી હદમાં ભળેલ વિસ્તારોમાં ૮૦,૦૦૦થી પણ વધુ મિલ્કતો / વિસ્તારો અને તેની અંદર વસવાટ કરતી અંદાજીત ૧.૭૫ લાખથી પણ વધુ પ્રજાજનોની સુખાકારી માટે મહાનગરપાલિકા મુળભૂત અને પાયાની જરૂરિયાતો પૂરી પાડી શકશે.

આગામી સાલના મુખ્ય આયોજનો નીચે મુજબ છે.

❖ **પાણી પૂરવઠા :**

જામનગર શહેરને ટેન્કર મુકત કરવાનો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવેલ છે, જે અંતર્ગત ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનો વ્યાપ વધારી બાકી રહેતા નવા ભળેલા વિસ્તારોને નળ વાટે પાણી વિતરણ હેઠળ આવરી લેવાનું આયોજન છે. જેના માટે રાજય સરકારશ્રી ધ્વારા સ્વર્ણિમ જયંતિ માન. મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા. ૬૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે :–

- જામનગર શહેરની હદમાં નવા ભળેલા ધુંવાવ, વિભાપર, ઢીંચડા, નાઘેડી તથા નગરસીમ વિસ્તારમાં રૂા. ૩૫.૦૭ કરોડના ખર્ચે ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક અન્વયે ડી.આઈ. પાઈપ લાઈનના કામો.
- રૂા. ૩.૧૫ કરોડના ખર્ચે જામનગર શહેરના તમામ ફિલ્ટર પ્લાન્ટ તથા ઝોનલ ઈ.એસ.આર. પરની બીનકાર્યક્ષમતા પમ્પીંગ મશીનરીઝ બદલવાનું તથા ઈલેકટ્રીકલ પેનલના કામો
- પમ્પ હાઉસ ખાતે નવો ૩૦ એમ.એલ.ડી. ફિલ્ટર પ્લાન્ટ બનાવવાનું કામ તથા ૧.૦૦ કરોડ લીટર ક્ષમતાનો પમ્પ બનાવવાનું કામ તથા ખીજડીયા ખાતે જુના ફિલ્ટર પ્લાન્ટને રીનોવેશન રૂા. ૧૦.૦૪ કરોડના ખર્ચે કરવાનું કામ
- રૂા. ૪.૮૯ કરોડના ખર્ચે આજી–૩ ડેમ ખાતે ઈન્ટેક વેલ બનાવવાનું કામ

- જામનગર મહાનગરપાલિકાના તમામ ડેમ હેડવર્કસથી ફિલ્ટર પ્લાન્ટ તથા ઝોનલ ઈ.એસ.આર. સુધી ફીડર મેન મુખ્ય પાઈપ લાઈનો ઉપર બલ્ક વોટર ફલો મીટર ઈન્સ્ટોલ કરી સ્માર્ટ વોટર મેનેજમેન્ટ રૂા. ૬.૮૫ કરોડના ખર્ચે કરવાનું કામ
- રૂા. ૧૦.૦૦ કરોડના ખર્ચે નવી ડી.આઈ. પાઈપ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ

ઉકત કામગીરી ટૂંક સમયમાં હાથ ધરી જામનગર શહેરને ટેન્કર મુકત કરી સમગ્ર શહેરમાં પાઈપ લાઈન મારફત પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવશે.

છેલ્લા ચાર વર્ષથી જામનગર શહેરમાં તેમજ નવા ભળેલા હદ વિસ્તારોમાં એ.સી. પ્રેશર પાઈપ લાઈનના બદલે ડી.આઈ. પાઈપ લાઈન નાખવાનું કામ કરવામાં આવેલ છે. જેના લીધે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સમાં નહિવત ખર્ચ થવા પામશે તેમજ નવી ડી.આઈ. પાઈપ લાઈનને કારણે કોન્ટામીશેનના પ્રશ્નો ઉપસ્થિત થશે નહીં.

વોટર વર્કસ શાખાના તમામ પમ્પીંગ સ્ટેશનોની મશીનરીનું એનર્જી ઓડીટ કરી રીપોર્ટ બનાવવામાં આવેલ છે. ઉકત રીપોર્ટ મુજબ બિન કાર્યક્ષમ જુના પાણીના પમ્પની જગ્યાએ વિજ બિલમાં બચત થાય તે માટે પમ્પ રીપ્લેસમેન્ટ કરવામાં આવશે. તથા વોટર ઓડીટ માટે તમામ ડેમથી મેળવવામાં આવતા પાણી વિતરણમાં ઈ.એસ.આર. સુધી વોટર લોસીસ એનાલીસીસ માટે ફલોમીટર તેમજ સેન્ટર ઈન્સ્ટોલ કરી સ્માર્ટ વોટર મેનેજમેન્ટનું કામ હાથ ધરવામાં આવનાર છે.

❖ **અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ :**

સમગ્ર શહેરમાં ભૂગર્ભ ગટર નેટવર્ક ઉભુ કરવા અત્યાર સુધીમાં સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા. ૧૨૦ કરોડના કામો તથા ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટની ગ્રાન્ટ હેઠળ રૂા. ૧૫૩.૧૦ કરોડના કામો જામનગર મહાનગરપાલિકા ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. સંપૂર્ણ નેટવર્કમાં બાકી રહેતા કામો અન્વયે તથા ગીચ વિસ્તારોની અંદર પાઈપ ગટરના કામો અન્વયે તથા નવા ભળેલા અને નગરસીમ વિસ્તારોમાં ભૂગર્ભ ગટર માટેના આયોજન માટે અમૃત યોજના હેઠળ રૂા. ૪૮.૯૧ કરોડ, ૧૪માં નાણાપંચ યોજના હેઠળ રૂા. ૧૨.૦૦ કરોડ તથા ખાસ પેકેજ તરીકે સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અન્વયેના રૂા. ૧૨૨.૭૦ કરોડના કામોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અમૃત યોજના અને ૧૪માં નાણાપંચ યોજના અન્વયેના કામો આગામી જુલાઈ–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

આગામી સાલના આયોજન અન્વયે મુખ્યત્વે :–

- જામનગર શહેરની હદમાં ગીચ તેમજ બાકી રહેતા વિસ્તારમાં રૂા. ૪૬.૯૭ કરોડના ખર્ચે સીવર કલેકશન પાઈપ લાઈનના કામો
- જામનગર શહેરના સીવેજ પમ્પીંગ સ્ટેશનમાં પમ્પીંગ મીશનરીઝ, મીકેનીકલ, ઈલેકટ્રીકલ આઈટમો વિગેરેનું રૂા. ૪.૨૫ કરોડના ખર્ચે ઓગ્મેન્ટેશનનું કામ
- જામનગર શહેરમાં રૂા. ૧૦.૫૭ કરોડના ખર્ચે ઢીંચડા, પેકેજ–૧,૨ ઝોન એન–૧, એન–૨ વિસ્તારોમાં બાકી રહેતી સીવર કલેકશન પાઈપ લાઈનના કામો.
- રૂા. ૧૦.૦૪ કરોડના ખર્ચે બેડી અને નવાગામ વિસ્તારોમાં ભૂગર્ભ ગટર નેટવર્ક.
- રૂા. ૬.૦૦ કરોડના ખર્ચે ગઢની રાંગની અંદર પાઈપ ગટર / ભૂગર્ભ ગટરના

આ કામો પૂર્ણ થયેથી વર્ષ ૨૦૨૦–૨૧ સુધીમાં બાકી રહેતી આશરે ૮૩,૨૦૪ પ્રોપર્ટીઓ પૈકી ૩૮,૦૦૦ પ્રોપર્ટીને ભૂગર્ભ ગટર નેટવર્ક સાથે આવરી લેવામાં આવશે.

❖ **જાહેર સુખાકારી અને સમૃદ્ધિ અંગેના કામો :**

- કેન્દ્ર સરકાર પુરસ્કૃત ગ્રાન્ટ અન્વયે રૂા. ૨૦ કરોડના ખર્ચે અત્યાધુનિક અંદાજે ૧૦૦૦ વ્યકિતની કેપેસીટી ધરાવતુ ટાગોર કલ્ચરલ કોમ્પલેક્ષ બનાવવાનું કામ
- ટી.પી. સ્કીમ નં. ૧, ફાઈનલ પ્લોટ નં. ૯૧ ઉપર રૂા. ૨૦ કરોડના ખર્ચે નવુ સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાનું કામ.
- રણજીતસાગર રોડ પર કોઝ–વેની બાજુમા રૂા. ૩.૫૦ કરોડના ખર્ચે સ્મશાન ગૃહ બનાવવાનું કામ
- શહેરમાં પીપીપી ધોરણે નવી ૧૦ સી.એન.જી. બસો શહેરીજનો માટે શહેરી પરિવહનની સુવિધા વિકસાવવાનું કામ.
- બેડી જંકશન થી સમર્પણ સર્કલ સુધી રૂા. ૧૬ કરોડના ખર્ચે રીંગ રોડ વાઈડનીંગ કરવાનું કામ
- લાલપુર રોડ કિર્તી પાનથી મયુર ગ્રીન્સ થઈ હર્ષદ મીલની ચાલી ડી.પી. રોડ ક્રોસીંગ સુધીનો ફોર ટ્રેક સી.સી. રોડ અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ, સીવર ડ્રેનેજ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ તેમજ સ્ટ્રીટ લાઈટ સહિત રૂા. ૧૦.૨૦ કરોડના ખર્ચે વિકસાવવાાનું કામ
- શહેરમાં ત્રણ સ્થળોએ રૂા. ૧૫ કરોડના ખર્ચે સ્વીમીંગ પુલ બનાવવાનું કામ
- માનનીય સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાના કોમ્પોનન્ટ, સડક, લોકભાગીદારી અંતર્ગત રૂા. ૩૦ કરોડના ડામર / સી.સી. રોડના કામો કરવાનું આયોજન.

- ભારત સરકારશ્રીની કોસ્ટ શેરીંગ બેઝીસ યોજના અન્વયે જામનગર મહાનગરપાલિકા વિસ્તારમા સમાવિષ્ટ તળાવ પૈકી (૧) ખંભાળીયા રોડ પર નાઘેડી પાસે આવેલ લહેર તળાવ તથા (૨) રાજકોટ રોડ પર આવેલ ધુંવાવ પાસેના તળાવને ડેવલપ કરવાનું આયોજન.

❖ **સોલીડ વેસ્ટ :**

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જામનગર મહાનગરપાલિકા ધ્વારા રજૂ કરવામાં આવેલ ડી.પી.આર. અંતર્ગત તા. ૨૭–૮–૧૮થી જામનગર મહાનગરપાલિકાને કુલ રૂા. ૩૧.૭૪ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે પૈકી હાલે પ્રથમ તબકકામાં રૂા. ૧૦.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. ઉપરોકત ગ્રાન્ટ પૈકી સેનીટેશન ડી.પી.આર., શહેરમાં જુદા–જુદા કોમર્શિયલ અને જાહેર સ્થળો પર ૮૦ લીટર કેપેસીટીના લીટરબીન્સ સપ્લાય કરી ફીટીંગ કરવાનું કામ, મોબાઈલ સેનીટેશન કોર્ટ વાહન તૈયાર કરવાનું કામ (કામ પૂર્ણ તથા લોકાર્પણ), મટીરીયલ્સ રીકવરી ફેસીલીટી સેન્ટર સ્થાપિત કરવા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામ, પાવર બકેટ મશીન ખરીદી, સફાઈ કર્મચારીઓની ઓન લાઈન હાજરી માટે ફેસ ડીટેકશન એટેન્ડન્સ સિસ્ટમ ઈન્સ્ટોલેશન, હૈયાત ડમ્પીંગ સાઈટ પર કચરાના રેમીડીએશનની કામગીરી, શહેરના જાહેર સ્થળોએ તથા જાહેર માર્ગો પરના રોડની સાઈડમાં બ્યુટીફીકેશનની કામગીરી, ડેડ એનીમલ રીકવરી વાહન ખરીદી, વ્હીલ બરોજ ખરીદી, કન્ઝર્વન્સી ડીપાર્ટમેન્ટની જુદી–જુદી કામગીરી માટે ટ્રેકટર વીથ ટ્રોલી ખરીદી, શહેરમાં રખડતા ઢોરોને પકડવાની કામગીરી માટે લોબેડ ટ્રેઈલર ખરીદી, હૈયાત ડમ્પીંગ સાઈટ પર બોર બનાવવાનું કામ, પમ્પ ફીટીંગ, પમ્પ રૂમ અને તેને આનુસાંગિક કામગીરી સ્ટે. કમીટી ધ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

❖ **હાઉસીંગ સેલ :**

ઘર વિહોણા લોકોને ઘરનું ઘર પ્રાપ્ત થાય તે માટે ભારતના વડાપ્રધાનશ્રી ધ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાના લક્ષ્યાંક મુજબ જામનગર મહાનગરપાલિકા ધ્વારા કુલ ૧૧,૦૦૦ જેટલા આવાસોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત અત્યારસુધીમાં ૨,૪૬૮ જેટલા આવાસોના કામ પૂર્ણ કરી લાભાર્થીઓને 'ઘરનું ઘર' આપવામાં આવેલ છે. અને હાલે ૯૨૮ આવાસોનું કામ રૂા. ૫૬.૦૦ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. અને આગામી સાલે ઈ.ડબલ્યુ.એસ–૧ના ૬૨૪ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ–૨ના ૧૨૮ આવાસો મળી કુલ ૭૫૨ આવાસો રૂા. ૬૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા આ અગાઉ આઈ.એચ.એસ.ડી.પી. ગૃહ યોજના ૮૬૪, વાલ્મે આવાસ યોજના અંતર્ગત ૫૦૪ તથા ૧૪૦૪ આવાસો મળી કુલ ૨૭૭૨ આવાસોનું કામ પૂર્ણ કરેલ.

બી.એલ.સી. ઘટક હેઠળ ૩૦ ચો.મી. એટલે કે, ૩૨૨ ચો.ફુટનું નવુ મકાન અથવા હૈયાત મકાનમાં ૯ ચો.મી. એટલે કે, ૯૬ ચો.ફુટના નવા બાંધકામ વધારા માટે વધુમાં વધુ રૂા. ૩.૫૦ લાખની સહાય મળવાપાત્ર છે, જે અન્વયે અત્યાર સુધીમાં કુલ ૭૫૮ જેટલા લાભાર્થીઓને ઉકત લાભ આપવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ક્રેડીટ લીંક સબસીડી સ્કીમ હેઠળ લોન લેનાર તમામ લાભાર્થીઓને રૂા. ૨.૨૫ લાખ સુધીની વ્યાજ સહાય મળવાપાત્ર થાય છે, જે અન્વયે અત્યાર સુધીમાં કુલ ૨૨૩૯ લાભાર્થીઓને આ લાભ આપવામાં આવેલ છે.

આમ, જામનગર મહાનગરપાલિકા ધ્વારા આગામી સાલ ૨૦૧૯–૨૦ માટે હૈયાત હદ વિસ્તાર અને નવા ભળેલ વિસ્તારો, સ્લમ અને પછાત વિસ્તારો, આર્થિક રીતે પછાત વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના કામો માટે કુલ રૂા. ૨૮૮.૯૯ કરોડનું આયોજન કરવામાં આવેલ છે.

આ કામો સરકારશ્રી તરફથી મળનાર સંભવિત ગ્રાન્ટ આધારિત હોય, ગ્રાન્ટની ઉપલબ્ધિ અનુસાર ક્રમશઃ હાથ ધરવા જામનગર મહાનગરપાલિકા કટિબદ્ધ છે.

આપ સૌ સભાસદો આપના વોર્ડમાં શહેરીજનોને વેરાઓની ચૂકવણી બાબતે જાગૃત કરી વોર્ડમાં રોકાતી બાકી રકમની વસુલાત સઘન બનાવવા જરૂરી પ્રયત્નો હાથ ધરશો. જેથી આપના વોર્ડમાં પણ મોટા પ્રમાણમાં વિકાસના કામો હાથ ધરી શકાય તેમજ વોર્ડમાં શહેરીજનોને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૧૦૧ અને ૧૦૪ અનુસાર સને ૨૦૧૮–૧૯ના વર્ષનું "રીવાઈઝડ અંદાજપત્ર" તથા કલમ–૯૫ અનુસાર સને ૨૦૧૯–૨૦ના વર્ષનું જામનગર મહાનગરપાલિકાનું આવક–ખર્ચનું "ડ્રાફટ અંદાજપત્ર" કર અને દર અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માટે રજુ કરતા હું હર્ષ અનુભવુ છુ.

વિભાગ – અ

સને. ૨૦૧૮–૧૯નું રીવાઈઝ્ડ અંદાજપત્ર

સને.૨૦૧૮–૧૯નું અંદાજપત્ર મહાનગરપાલિકાએ મંજૂર કર્યા બાદ વર્ષ દરમ્યાન સમયની તાકિદ અને સંજોગોને અનુરૂપ તાકીદના તેમજ અન્ય કામો હાથ ધરાતા અંદાજેલી ઉઘડતી સિલક સામે આવેલ ખરેખર સિલકને ધ્યાને લેતા રેવન્યુ / કેપીટલ એકાઉન્ટના આવક/ખર્ચના અંદાજોમાં ખાતાઓની માંગણી મુજબ જરૂરી ફેરફાર કરી રેવન્યુ / કેપીટલ ખર્ચ બાજુએ અગત્યના કામો માટે પુનઃ ફાળવણી કરવામાં આવી છે.

આમ, મહાનગરપાલિકાના સને. ૨૦૧૮–૧૯ના સુધારેલ અંદાજપત્રમાં કરવામાં આવેલ ફેરફાર અને તે મુજબ મહાનગરપાલિકાના આવક–ખર્ચ નીચે મુજબ રહેશે.

➢ **વર્ષ ૨૦૧૮–૧૯ના રીવાઈઝ્ડ અંદાજ તરફ :**

પત્રક – "અ"

(આંકડા કરોડમાં)

વિગત	*સને. ૨૦૧૮–૧૯ મંજૂર કરેલ અંદાજ*	*સને. ૨૦૧૮–૧૯ રીવાઈઝ્ડ અંદાજ*
ઉઘડતી પુરાંત	**૬૭.૨૮**	**૮૩.૦૬**
(૧) રેવન્યુ આવક	૨૫૮.૦૩	૨૫૨.૬૦
(૨) કેપીટલ સ્વભંડોળ આવક	૩૨.૯૩	૩૩.૫૫
(૩) કેપીટલ ગ્રાંટ આવક	૨૪૧.૭૩	૨૩૯.૩૫
(૪) અનામત આવક	૫૩.૭૩	૪૬.૨૮
(૫) એડવાન્સ આવક	૧૯.૯૩	૨૪.૩૨
કુલ આવક	**૬૦૬.૩૫**	**૫૯૬.૧૦**
ઉઘડતી સિલક સહ કુલ	**૬૭૩.૬૩**	**૬૭૯.૧૬**
(૧) રેવન્યુ ખર્ચ	૨૪૭.૨૬	૨૪૮.૬૫
(૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ	૨૭.૭૩	૧૭.૪૩
(૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ	૨૬૩.૦૩	૧૭૯.૯૧
(૪) અનામત ખર્ચ	૫૭.૪૩	૫૪.૭૦
(૫) એડવાન્સ ખર્ચ	૨૦.૯૩	૨૪.૫૧
કુલ ખર્ચ	**૬૧૬.૩૮**	**૫૨૫.૨૦**
બંધ પુરાંત	**૫૭.૨૫**	**૧૫૩.૯૬**

પત્રક – "બ"

		(આંકડા કરોડમાં)
અંદાજપત્ર એકત્રીકરણ		
વિગત	સને. ૨૦૧૮–૧૯ મંજૂર કરેલ અંદાજ	સને. ૨૦૧૮–૧૯ રીવાઈઝડ અંદાજ
ઉઘડતી પુરાંત	૬૭.૨૮	૮૩.૦૬
આવક	૬૦૬.૩૫	૫૯૬.૧૦
કુલ	૬૭૩.૬૩	૬૭૯.૧૬
ખર્ચ	૬૧૬.૩૮	૫૨૫.૨૦
બંધ પુરાંત	૫૭.૨૫	૧૫૩.૯૬

(૧) ચાલુ સાલના અંદાજો અંગે :

ચાલુ સાલના અંદાજો કે જે તા. ૩૦–૧૧–૨૦૧૮ સુધીના ખરેખર આવક ખર્ચના આંકડાને ધ્યાનમાં રાખીને તે મુજબ સને. ૨૦૧૮–૧૯નું રીવાઈઝ અંદાજપત્ર બનાવેલ છે. સને. ૨૦૧૮–૧૯ની સાલના મંજૂર કરાયેલ અંદાજ કોલમ નં. ૬માં દર્શાવેલ છે. પ્રથમ આઠ માસમાં ખરેખર થયેલ આવક–ખર્ચના આંકડા કોલમ નં. ૭માં દર્શાવેલ છે. અને બાકીના ચાર માસના સંભવિત આવક અને ખર્ચના આંકડા કોલમ નં. ૮માં દર્શાવેલ છે. સને. ૨૦૧૮–૧૯ની સાલના રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજ કોલમ નં. ૯માં દર્શાવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૯–૨૦ માટે ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ (૧) રેવન્યું આવક તથા ખર્ચ (૨) કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચ (૩) કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચ, (૪) એડવાન્સ આવક અને ખર્ચ અને (૫) ડીપોજીટ આવક અને ખર્ચ અંદાજપત્રનાં અંદાજ રજુ કરવામાં આવેલ છે. સને. ૨૦૧૯–૨૦ની દરખાસ્ત કોલમ નં. ૧૦માં દર્શાવેલ છે.

સને. ૨૦૧૮–૧૯ના વર્ષના અંદાજ રીવાઈઝડ નીચે મુજબ કરવામાં આવેલ છે. વધારો–ઘટાડો દર્શાવવામાં આવેલ છે.

આવક :

(આંકડા કરોડમાં)

અનુ. નં.	વિગત	મુળઅંદાજ પત્ર મુજબ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત)	રીવાઈઝ અંદાજપત્ર મુજબ	વધારો	ઘટાડો
૧	૨	૩	૪	૫	૬
(૧)	ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ	૪૦.૨૬	૪૦.૨૬	૦.૦૦	૦.૦૦
(૨)	રોકાણ પરનું વ્યાજ	૦.૫૦	૦.૫૦	૦.૦૦	૦.૦૦
(૩)	વાહન કર.	૨.૫૦	૩.૦૦	૦.૫૦	૦.૦૦
(૫)	મિલ્કત વેરો (રેન્ટ બેઈઝ)	૨.૦૦	૧.૦૦	૦.૦૦	૧.૦૦
(૬)	મિલ્કત વેરો (કારપેટ)	૫૩.૦૦	૩૮.૬૦	૦.૦૦	૧૪.૪૦
(૭)	પ્રોપર્ટી ટેકસ ઓન મોબાઈલ ટાવર	૦.૬૨	૦.૦૦	૦.૦૦	૦.૬૨
(૮)	મિલ્કત વેરો (અન્ય)	૧૨.૧૦	૧૨.૨૭	૦.૧૭	૦.૦૦
(૯)	વ્યવસાય વેરો	૭.૧૫	૭.૧૭	૦.૦૨	૦.૦૦
(૧૦)	ટાઉન પ્લાનીંગ	૩૨.૮૮	૪૬.૬૬	૧૩.૭૮	૦.૦૦
(૧૧)	મીટર વાળી ઉપજ	૧૩.૦૦	૧૧.૫૦	૦.૦૦	૧.૫૦
(૧૨)	મીટર વગરની ઉપજ	૧૨.૫૦	૧૦.૦૦	૦.૦૦	૨.૫૦
(૧૩)	વોટર વર્કસ અન્ય	૩.૩૩	૨.૩૬	૦.૦૦	૦.૯૭
(૧૪)	રેવન્યુ ગ્રાંટ	૩૭.૮૦	૩૮.૦૫	૦.૨૫	૦.૦૦
(૧૫)	અન્ય	૪૦.૩૯	૪૧.૨૩	૦.૮૪	૦.૦૦
(૧૬)	કેપીટલ સ્વભંડોળ	૩૨.૯૩	૩૩.૫૫	૦.૬૨	૦.૦૦
(૧૭)	કેપીટલ ગ્રાન્ટ	૨૪૧.૭૩	૨૩૯.૩૫	૦.૦૦	૨.૩૮
(૧૮)	અનામત	૫૩.૭૩	૪૬.૨૮	૦.૦૦	૭.૪૫
(૧૯)	એડવાન્સ	૧૯.૯૩	૨૪.૩૨	૪.૩૯	૦.૦૦
	કુલ	**૬૦૬.૩૫**	**૫૯૬.૧૦**	**૨૦.૫૭**	**૩૦.૮૨**

ખર્ચ :

(આંકડા કરોડમાં)

અનુ. નં.	વિગત	અંદાજ પત્ર મુજબ	રીવાઈઝ મુજબ	વધારો	ઘટાડો
૧	૨	૩	૪	૫	૬
(૧)	એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ	૧૪૨.૬૬	૧૪૬.૨૦	૩.૫૪	૦.૦૦
(૨)	વહીવટી ખર્ચ	૩.૭૮	૪.૦૦	૦.૨૨	૦.૦૦
(૩)	મરામત અને નિભાવણી	૩૬.૫૭	૩૬.૨૩	૦.૦૦	૦.૩૪
(૪)	નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ	૦.૯૦	૧.૦૦	૦.૧૦	૦.૦૦
(૫)	લોન વ્યાજ ખર્ચ	૧.૦૫	૧.૦૫	૦.૦૦	૦.૦૦
(૬)	શિક્ષણ ઉપકર અને લેબર શેષ સરકારશ્રીમાં જમા	૯.૨૦	૧૧.૮૯	૨.૬૯	૦.૦૦
(૭)	જાહેર શિક્ષણ ખર્ચ	૧૨.૮૦	૧૦.૧૫	૦.૦૦	૨.૬૫
(૮)	રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ	૩૦.૭૨	૨૬.૮૬	૦.૦૦	૩.૮૬
(૯)	અન્ય ખર્ચ	૩.૮૧	૬.૪૧	૨.૬૦	૦.૦૦
(૧૦)	કેપિટલ ખર્ચ સ્વભંડોળ	૨૭.૯૩	૧૭.૪૩	૦.૦૦	૧૦.૫૦
(૧૧)	કેપિટલ ખર્ચ ગ્રાન્ટ	૨૬૩.૦૩	૧૭૯.૯૧	૦.૦૦	૮૩.૧૨
(૧૨)	એડવાન્સ	૨૦.૯૩	૨૪.૫૧	૩.૫૮	૦.૦૦
(૧૩)	અનામત	૫૭.૪૩	૫૪.૭૦	૦.૦૦	૨.૭૩
(૧૪)	મ્યુનિ. ફાળો કેપીટલ ખાતે ટ્રાન્સફર	૫.૫૭	૪.૮૬	૦.૦૦	૦.૭૧
	કુલ	**૬૧૬.૩૮**	**૫૨૫.૨૦**	**૧૨.૭૩**	**૧૦૩.૯૧**

(૨) રીવાઈઝડ અંદાજોના કારણો (મુખ્ય આવકમાં વધારા–ઘટાડો) જોઈએ તો :

(૧) **<u>પ્રોપર્ટી ટેકસ. ::–</u>**

ચાલુ વર્ષમાં **રૂા. ૬૭.૭૨** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૮ સુધીમાં કુલ આવક **રૂા. ૩૩.૦૨** કરોડની થયેલ છે. પ્રોપર્ટી ટેકસનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ અને નવી હદ વિસ્તારમાં આપેલ રીબેટ સ્કીમને ધ્યાને રાખતા તથા બાકી રહેતા ટેકસ ધ્યાને રાખતા તા. ૧–૧૨–૧૮ થી ૩૧–૩–૧૯ની અંદાજીત આવક **રૂા. ૧૮.૮૫** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૮–૧૯નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૫૧.૮૭** કરોડ મૂકવામાં આવેલ છે.

(૨) **<u>વ્યવસાય વેરો. ::–</u>**

ચાલુ વર્ષમાં **રૂા. ૭.૧૫** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૮ સુધીમાં કુલ આવક **રૂા. ૩.૮૧** કરોડની થયેલ છે. વ્યવસાય વેરાનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ ધ્યાને રાખતા તા.૧–૧૨–૧૮ થી ૩૧–૩–૧૯ની અંદાજીત આવક **રૂા.** ૩.૩૬ કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૮–૧૯નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૭.૧૭** કરોડ મૂકવામાં આવેલ છે.

(૩) **<u>ટાઉન પ્લાનીંગ . ::–</u>**

ચાલુ વર્ષમાં **રૂા. ૩૨.૮૮** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૮ સુધીમાં કુલ આવક **રૂા. ૨૫.૬૬** કરોડની થયેલ છે. તા.૧–૧૨–૧૮ થી ૩૧–૩–૧૯ની અંદાજીત આવક **રૂા. ૨૧.૦૦** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૮–૧૯નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૪૬.૬૬** કરોડ મૂકવામાં આવેલ છે.

(૪) **<u>એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ::–</u>**

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ચાલુ સાલે નવે–૨૦૧૮ સુધીમાં **રૂા. ૮૩.૧૨** કરોડ થયેલ છે. મુળ અંદાજ મુજબ **રૂા. ૧૪૨.૬૬** કરોડ અંદાજવામાં આવેલ હતો. રીવાઈઝ અંદાજપત્રમાં **રૂા. ૧૪૬.૨૦** કરોડ અંદાજ મુકવામાં આવેલો છે. સાતમાં પગાર પંચના અમલવારીથી અંદાજમાં **રૂા. ૩.૫૪** કરોડનો વધારો સૂચવવામાં આવેલ છે.

(૫) **<u>જમીન વેચાણ અંગેની આવક. ::–</u>**

ચાલુ વર્ષે અંદાજપત્રમાં રાવળી જમીન, ટી.પી.સ્કીમની જમીન વેચાણ અને કોમર્શીયલ દુકાનની વેચાણની આવક **રૂા. ૩૨.૯૩** કરોડ અંદાજવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦–૧૧–૨૦૧૮ સુધીમાં **રૂા. ૧૪.૪૫** કરોડની આવક થયેલ છે. ચાલુ સાલે જમીન વેચાણની પ્રક્રિયા ધ્યાને લેતા રીવાઈઝ અંદાજ **રૂા. ૩૩.૫૫** કરોડનો મુકવામાં આવેલ છે.

(૬) **કેપીટલ ગ્રાંટ. ::–**

સને. ૨૦૧૮–૧૯માં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૨૪૧.૭૩** કરોડ અંદાજવામાં આવેલ, જેમાં તા. ૩૦–૧૧–૨૦૧૮ સુધીમાં ગ્રાન્ટ ના હેડે **રૂા. ૧૧૯.૩૧** કરોડ પ્રાપ્ત થયેલ છે. હવે પછી ચાર માસમાં મળનાર ગ્રાન્ટ આવકને ધ્યાનમાં રાખી રીવાઈઝડ અંદાજ **રૂા. ૨૩૯.૩૫** કરોડ મૂકવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૮ સુધીમાં કુલ રેવન્યુ ખર્ચ **રૂા. ૧૩૪.૧૪** કરોડનું થયેલ છે અને ૨૦૧૮–૧૯ નુ રીવાઈઝડ અંદાજપત્ર મુજબ કુલ રેવન્યુ ખર્ચે **રૂા. ૨૪૮.૬૫** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૮ સુધીમાં કુલ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૦.૧૬** કરોડ થયેલ છે. અને ૨૦૧૮–૧૯ નું રીવાઈઝડ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૧૭.૪૩** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૮ સુધીમાં કુલ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૭૭.૬૪** કરોડ થયેલ છે. અને ૨૦૧૮–૧૯ નું રીવાઈઝડ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૧૭૯.૯૧** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

: વિભાગ – બ :

➢ ***સને. ૨૦૧૯–૨૦નું ડ્રાફ્ટ અંદાજપત્ર***

(આંકડા કરોડમાં)

આવક	*સને. ૨૦૧૯–૨૦ નો અંદાજ*	*ખર્ચ*	*સને. ૨૦૧૯–૨૦ નો અંદાજ*
ઉઘડતી પુરાંત	૧૫૩.૯૬		
(૧) રેવન્યુ આવક		(૧) રેવન્યુ ખર્ચ	
(અ) સ્વભંડોળ આવક	૧૯૮.૪૬	(અ) સ્વભંડોળ ખર્ચ	૨૪૦.૪૨
(બ) ગ્રાંટ આવક	૮૧.૧૫	(બ) ગ્રાંટ ખર્ચ	૩૦.૨૮
(૨) કેપીટલ સ્વભંડોળ આવક	૩૮.૬૫	(૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ	૧૫.૬૯
(૩) કેપીટલ ગ્રાંટ આવક	૨૪૩.૬૦	(૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ	૨૭૩.૩૦
(૪) અનામત આવક	૫૩.૧૦	(૪) અનામત ખર્ચ	૫૨.૦૭
(૫) એડવાન્સ આવક	૧૩.૩૪	(૫) એડવાન્સ ખર્ચ	૧૩.૬૪
કુલ આવક	૬૨૮.૩૦	**કુલ ખર્ચ**	૬૨૫.૪૦
ઉઘડતી સિલક સહ કુલ	૭૮૨.૨૬	**બંધ પુરાંત**	૧૫૬.૮૬

કાયદાની જોગવાઈ અનુસાર અંદાજપત્ર પુરાંત દર્શાવતું હોવુ જોઈએ. અંદાજપત્ર એ કોઈ નિશ્ચિત સમયગાળામાં થનાર આવક અને ખર્ચની વાસ્તવિક પરિસ્થિતિ રજુ કરતું આયોજન નથી પરંતુ અંદાજપત્રએ નિશ્ચિત સમયગાળામાં થનાર અંદાજિત આવક અને આવકની સામે થનાર ખર્ચની વિગતો દર્શાવતુ માત્ર આયોજન જ છે. આવક તથા ખર્ચનું આયોજન અનેકવિધ પરિબળો ઉપર નિર્ભર હોય છે. અનેકવિધ પરિબળો પૈકી કોઈ એક પરિબળ પણ આયોજનથી વિરુદ્ધ પરિણમે તો તેની સીધી અસર સમગ્ર અંદાજપત્ર ઉપર પડે છે.

ચાલુ સાલના રીવાઈઝડ અંદાજપત્ર તથા આગામી સાલના અંદાજપત્રમાં પણ જુદા જુદા પરિબળો આધારિત આવક અને ખર્ચના અંદાજો સાથે પુરાંતલક્ષી અંદાજપત્ર રજુ કરવામાં આવેલ છે. આવા પરિબળો પૈકી કોઈ એક અથવા એકથી વધુ પરિબળો આવકના લક્ષ્યાંકોને વિપરિત અસર કરે તો તેની સીધી અસર ખર્ચના અંદાજો ઉપર પણ સ્વભાવિક રીતે પડે જ છે. અને અંદાજીત પુરાંતલક્ષી અંદાજપત્ર ની સામે ખાધરૂપી વાસ્તવિક પરિસ્થિતિ પરિણમી શકે છે. જે આપણે સૌએ ધ્યાને લેવું જરૂરી છે.

અંદાજપત્ર દરખાસ્ત સને. ૨૦૧૯–૨૦ :

સને. ૨૦૧૮–૧૯નાં રીવાઈઝ અંદાજપત્રને લક્ષમાં રાખીને સને. ૨૦૧૯–૨૦નું અંદાજપત્ર તૈયાર કરેલ છે. જેમાં મહેસુલી આવક **રૂા. ૨૭૯.૬૧** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત મહેસુલી સિલક **રૂા. ૮.૨૬** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૨૮૭.૮૭** કરોડ થાય છે. મહેસુલી ખર્ચ **રૂા. ૨૭૦.૭૦** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૧૭.૧૭** કરોડની મહેસુલી બંધપુરાંત રહેશે.

મહેસુલી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

(રકમ રૂા. કરોડમાં)

અનું. નંબર	મહેસુલી આવક.	રકમ.	અનું. નંબર	મહેસુલી ખર્ચ.	રકમ.
૧	૨	૩	૪	૫	૬
(૧)	ટેકસ આવક	૭૦.૦૭	(૧)	એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સ્ટાફ)	૭૯.૦૩
(૨)	ટેકસ વગરની આવક	૯૯.૨૧	(૨)	એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સફાઈ)	૭૦.૨૭
(૩)	એજયુકેશન શેષ, લેબર વેલ્ફેર આવક	૧૩.૮૫	(૩)	એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ(જેએમટીએસ)	૫.૭૦
(૪)	ઓકટ્રોય ગ્રાન્ટ આવક	૪૦.૨૬	(૪)	વહીવટી ખર્ચ	૪.૧૭
(૫)	અન્ય ગ્રાન્ટ આવક	૪૦.૯૦	(૫)	મરામત અને નિભાવ ખર્ચ	૪૦.૩૨
(૬)	અન્ય આવક	૧૫.૩૨	(૬)	રેવન્યુ ગ્રાંટ ખર્ચ	૩૦.૨૮
			(૭)	લોન વ્યાજ ખર્ચ	૧.૫૫
			(૮)	એજ્યુકેશન શેષ અને લેબર વેલ્ફેર સરકારશ્રીમાં જમા	૧૨.૬૦
			(૯)	નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ	૧.૧૦
			(૧૦)	જાહેર શિક્ષણ ખર્ચ	૧૪.૧૫
			(૧૧)	પરચુરણ ખર્ચ	૫.૩૯
			(૧૨)	કેપીટલ ખાતે ટ્રાન્સફર	૬.૧૪
	કુલ.....	૨૭૯.૬૧		**કુલ.....**	૨૭૦.૭૦

કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૧૯–૨૦ ના અંદાજપત્રમાં કેપીટલ સ્વભંડોળ આવક **રૂા. ૩૮.૬૫** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૩૨.૨૦** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૭૦.૮૫** કરોડ થાય છે. જેમાં કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૧૫.૬૯** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૫૫.૧૬** કરોડની કેપીટલ સ્વભંડોળની પુરાંત રહેશે.

કેપીટલ સ્વભંડોળ

(રકમ રૂા. કરોડમાં)

ક્રમ	કેપીટલ આવક	રકમ	ક્રમ	કેપીટલ ખર્ચ	રકમ✓
૧	રેવન્યુ ફાળો	૫.૧૫	૧	સામાન્ય વહિવટ	૧.૩૬
૨	જમીન વેચાણ	૨૫.૨૦	૨	પાણી અને ગટર વ્યવસ્થા	૫.૯૨
૩	દુકાનનું વેચાણ	૮.૦૦	૩	સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૧.૧૬
૪	અન્ય આવક	૦.૩૦	૪	જાહેર સુખાકારી અને સમૃદ્ધિ	૨.૫૩
			૫	શહેરી વનિકરણ	૦.૫૫
			૬	શહેરી ગરીબી નાબૂદી અને સામાજીક ઉત્કર્ષ	૨.૬૬
			૭	જાહેર શિક્ષણ	૧.૧૦
			૮	આરોગ્ય અન્ય આનુષાંગિક સેવાઓ	૦.૪૧
	કુલ	૩૮.૬૫		**કુલ**	**૧૫.૬૯**

કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૧૯–૨૦ ના અંદાજપત્રમાં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૨૪૩.૬૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૧૦૪.૨૦** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૩૪૭.૮૦** કરોડ થાય છે. જેમાં કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૨૭૩.૩૦** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૭૪.૫૦** કરોડની કેપીટલ ગ્રાન્ટની બંધ પુરાંત રહેશે.

કેપીટલ ગ્રાન્ટ

(રકમ રૂા. કરોડમાં)

ગ્રાંટ આવક	રકમ	ગ્રાંટ ખર્ચ	રકમ
સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮)	૧૧૭.૦૦	**૧૪મા નાણાંપંચ ની ગ્રાંટ ના કામો**	
સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (સડક યોજના)	૧૦.૦૦	– ઈ–ગવર્નન્સ પ્રોજેકટ	૧.૦૦
સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ઓવરબ્રીજ)	૪.૫૦	– પાણી પુરવઠા ના કામો	૧૧.૦૦
સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ)	૧.૦૦	– ભૂગર્ભ ગટર ના કામો	૭.૦૦
કેપીટલ ગ્રાંટ ઉપર મળેલ વ્યાજ	૧.૫૦	– એમ્બ્યુલન્સ ખરીદી	૦.૫૦
અમૃત યોજના હેઠળની ગ્રાન્ટ	૧૬.૦૦		

ગ્રાંટ આવક	રકમ	ગ્રાંટ ખર્ચ	રકમ
		સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) ગ્રાંટ હેઠળના કામો	
ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ગ્રાંટ	૧.૧૫	– વોટર વર્કસને લગત કામો	૩૮.૦૦
જિલ્લા આયોજન મંડળ	૪.૨૩	– ભૂગર્ભ ગટરને લગત કામો	૩૦.૫૦
૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ	૮.૦૦	– ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો	૩૭.૩૦
પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ	૧૨.૦૦	– સ્ટ્રીટ લાઈટને લગત કામો	૯.૦૦
મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન	૧૧.૦૦	– પ્રોજેકટ ને લગત કામો	૨૬.૫૦
પ્રધાન મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો	૩૦.૦૦		
મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો	૦.૫૦	**સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ)**	૧.૦૦
સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના – ફલાય ઓવર બ્રીજ	૧.૦૦	**અમૃત યોજનાની ગ્રાન્ટના કામો**	૧૬.૦૦
રમત –ગમત અને સાંસ્કૃતિક વિભાગ હસ્તકની ગ્રાંટ	૨૦.૦૦	**પ્રધાનમંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસો બનાવવાના કામો**	૩૧.૦૦
પરચુરણ ગ્રાંટ	૫.૭૨	**સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ફલાય ઓવરબ્રીજ બનાવવાનું કામ**	૧.૦૦
		પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાના કામો /રીનોવેશન ના કામો	૧.૦૫
		નાઈટ શેલ્ટર બનાવવાનું કામ	૧.૯૦
		જિલ્લા આયોજન મંડળની ગ્રાંટ હેઠળના કામો	૪.૧૩
		લોકભાગીદારી યોજના હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતકામો	૬.૫૧
		ગુજરાત મ્યુ. ફાઈના. બોર્ડની ગ્રાંટ હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગત કામો	૧.૦૦
		મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન	૧૬.૦૦
		ટાગોર કલ્ચરલ કોમ્પલેક્ષ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ	૨૦.૦૦
		સીટી ડીસ્પેન્સરી	૨.૦૦
		પરચુરણ ગ્રાંટ સામેના કામો	૧૦.૯૧
કુલ	૨૪૩.૬૦	**કુલ**	૨૭૩.૩૦

: કરદરમાં સૂચવેલ વધારો :

જામનગર મહાનગરપાલિકા ની આવકના મુખ્યસ્ત્રોતમાં મિલ્કતવેરો, પાણી ચાર્જ, ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ વિભાગની આવક જ મુખ્ય છે. આ ઉપરાંત ઓકટ્રોય વળતર ગ્રાંટ ની આવક ધ્યાને લેતા કુલ રેવન્યુ આવક ની સામે કુલ રેવન્યુ ખર્ચ માં ઉતરોતર વધારો થયેલ છે. જેના હિસાબે મહેસુલી ખાદ્ય માં ઉતરોતર વધારો જોવા મળેલ છે.

બાકી વેરાઓની સઘન વસુલાત ઝુંબેશ માટે જામનગર મહાનગરપાલિકા કાર્યરત છેજ. આ ઉપરાંત બાકી વેરાઓ અન્વયે વ્યાજ માફી યોજનાઓ પણ અમલમા મૂકેલ છે, આ ઉપરાંત નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પણ રીબેટ યોજના આપવામાં આવેલ છે. અને આ યોજનાઓને સારો એવો પ્રતિસાદ સાંપડેલ છે. અને આગામી સાલમાં પણ વ્યાજ માફી યોજના ચાલુ રાખવા દરખાસ્ત કરેલ છે.

હાલની બાકી રહેતી વસુલાતો વન ટાઈમ રીકવર થાય તો પણ દર સાલે કરવાના થતાં ફરજિયાત ખર્ચ જેમ કે પગાર, પેન્શન, વીજળી ચાર્જ, પાણી ચાર્જ, લોન હપ્તા વ્યાજ અને મરામત–નિભાવ ખર્ચને પહોંચી વળવા હૈયાત કર–દર અને ચાર્જીસમાં વધારો કરવો ખૂબજ આવશ્યક છે. ઉપરોકત તમામ પરિબળો ધ્યાને રાખતા આગામી સાલ ૨૦૧૯–૨૦ માટે નીચે મુજબની વિગતે કરદરમાં વધારો સૂચવેલ છે.

લઘુતમ મિલ્કત વેરાના દરોમાં વધારો :

મહાનગરપાલિકા દ્વારા તા. ૧–૪–૨૦૦૬થી ક્ષેત્રફળ આધારિત મિલ્કતવેરા પ્રથા અમલમાં મૂકવામાં આવેલ છે. એટલે કે, ૧૨ વર્ષ થયે લઘુતમ મિલ્કત વેરાના દરો યથાવત છે. આ લઘુતમ મિલ્કત વેરાના દરો સને. ૨૦૦૧ની જંત્રી આધારિત નિયત કરવામાં આવેલ જે આજના સંજોગોમાં સુસંગત ન હોય, જંત્રી મુજબના સુધારા અન્વયેનો લઘુતમ મિલ્કત વેરો નિયત કરવો જરૂરી હોય. જે અન્વયે ગત સાલમાં કરેલ દરખાસ્ત અન્વયે બીન રહેણાંક મિલ્કતોમાં લઘુતમ મિલ્કત વેરામાં વધારો મંજુર કરવામાં આવેલ જયારે રહેણાંક મિલ્કતોમાં ના–મંજુર કરવામાં આવેલ. રહેણાંક મિલ્કતો માટે લઘુતમ મિલ્કત વેરાના દરમાં વધારો સૂચવેલ છે.

ક્રમ	પરિબળો, પેટા પરિબળો, મિલ્કતવેરાના દરો અને લઘુતમ મિલ્કતવેરાની વિગતો		હાલના કરદર	કમિશનરશ્રીએ સૂચવેલ કરદર
૧	૨		૩	૪
૧	રહેણાંકની ઈમારતો માટે લઘુતમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેકસ) (પ્રતિ વર્ષ)			
	(૧)	૨૫ ચો.મી. સુધી	૨૦૦	૩૮૦
	(૨)	૨૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી	૨૫૦	૪૮૦
	(૩)	૩૦ ચો.મી.થી વધુ અને ૪૦ ચો.મી. સુધી	૩૦૦	૬૪૦
	(૪)	૪૦ ચો.મી.થી વધુ અને ૫૦ ચો.મી. સુધી	૪૦૦	પરિણામ લક્ષી દર મુજબ

ક્રમ	પરિબળો, પેટા પરિબળો, મિલ્કતવેરાના દરો અને લઘુતમ મિલ્કતવેરાની વિગતો		હાલના કરદર	કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર
૧	૨		૩	૪
	(૫)	૫૦ ચો.મી. થી વધુ	૪૦૦	પરિણામ લક્ષી દર મુજબ
૨	બિનરહેણાંક ઈમારતો માટે લઘુતમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેકસ) (પ્રતિ વર્ષ)			
	(૧)	૧૫ ચો.મી. સુધી	૭૦૦	પરિણામ લક્ષી દર મુજબ લઘુતમ ૭૦૦
	(૨)	૧૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી	૯૫૦	પરિણામ લક્ષી દર મુજબ લઘુતમ ૯૫૦
	(૩)	૩૦ ચો.મી.થી વધુ	૧૨૫૦	પરિણામ લક્ષી દર મુજબ લઘુતમ ૧૨૫૦

(૨) ક્ષેત્રફળ આધારીત પ્રોપર્ટી ટેકસનાં મંજુર થયેલ નિયમોમાં મિલ્કત વેરાનાં નિર્દિષ્ટ દરમાં સુધારો કરવા બાબત.

ગુજરાત એકટ નં.૩/૧૯૯૯થી ધી જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯માં આમેજ કરવામાં આવેલ કલમ–૧૪૧(બી)ની પેટાકલમ–(૪) અનુસાર સદરહુ મંજુર થયેલા નિયમોમાં રહેણાંક તેમજ બિનરહેણાંક મિલ્કતોનાં નિર્દિષ્ટ દર નિયત કરવા માટે કલમ–૧૪૧(બી)ની પેટાકલમ–(૨), (૩), (૪) અને (૫) અનુસાર વધારવામા આવશે અથવા ઘટાડવામા આવશે અથવા વધારવામાં આવશે નહિ અથવા ઘટાડવામાં આવશે નહિ. જે મુજબ રહેણાંક મિલ્કતો માટે લઘુતમ રૂ.૧૦/– અને મહતમ રૂ.૪૦/– તેમજ બિનરહેણાંક મિલ્કતો માટે લઘુતમ રૂ.૨૦/– અને મહતમ રૂ.૮૦/– મિલ્કત વેરાનો દર નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. આ દર એ અધિનિયમની કલમ–૧૪૧(બી)(૩) મુજબ મહતમ અને લઘુતમ પરિણામી દરો સબંધમાં ઉકત સંદર્ભ–(૩)નાં ઠરાવથી મંજુર થયેલ છે. આ ઠરાવથી જામનગર મહાનગરપાલિકા ધ્વારા ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરાનાં નિયમો અન્વયે મિલ્કત વેરાની ગણતરી માટેનાં અલગ–અલગ પરિબળો જેમ કે સ્થળ પરિબળ, ઉમરનું પરિબળ, ઈમારતનાં ઉપયોગ / વપરાશનું પરિબળ, ઈમારતનાં પ્રકારનું પરિબળ, ભોગવટાનું પરિબળ ધ્યાને લઈ મિલ્કત વેરાનાં નિર્દિષ્ટ દરને ગુણીને વેરાનો આખરી દર આકારવામાં આવે છે અને ઈમારતોનાં સબંધમાં વસુલવાના થતા આખરી વેરાની રકમ ઉપર મુજબનાં મેળવેલ વેરાનાં આખરી દરથી ઈમારતનાં કારપેટ એરીયાને ગુણીને નકકી કરવામાં આવે છે.

મુળભૂત નિયમો અન્વયે જામનગર મહાનગરપાલિકા ધ્વારા આ આખરી વેરાનાં દરને પરિણામલક્ષી દર ગણવા મંજુરી મેળવેલ છે. જેના હિસાબે ધી જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ની કલમ–૧૪૧(ખ)ની પેટાકલમ–૩(ખ) અનુસાર આખરી વેરાનો દર હાલનાં કિસ્સામાં રહેણાંક મિલ્કતો માટે મહતમ દર રૂ.૪૦/– અને બિનરહેણાંક મિલ્કત માટે રૂ.૮૦/– સીમીત થઈ જાય છે એટલે કે જામનગર મહાનગરપાલિકા ધ્વારા ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરા વસુલાત માટે અલગ–અલગ પરિબળોનું કોઈ જ મૂલ્ય રહેવા પામતુ નથી. કારણકે, મહાનગરપાલિકા ધ્વારા મિલ્કત વેરાના દરો એ પરિણામલક્ષી દર તરીકે મંજૂર કરાવવામાં આવેલ છે.

ગુજરાત રાજયનાં અન્ય ૭ (સાત) મહાનગરપાલિકાનાં ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરાનાં મંજુર થયેલ નિયમોનો અભ્યાસ કરતાં કોઈપણ મહાનગરપાલિકામાં પરિણામલક્ષી દર બાબતેનો ઉલ્લેખ થયેલ નથી. અન્ય દરેક મહાનગરપાલિકામાં સૂત્ર (ફોર્મ્યુલા) મુજબનો જે દર આવે તે દર એ મિલ્કત વેરાનો આખરી દર ગણવામાં આવે છે.

કલમ–૧૪૧(બી)માં રહેણાંક તેમજ બિનરહેણાંક મિલ્કતો માટે મિલ્કત વેરાનાં નિર્દિષ્ટ દરો રાજય સરકારશ્રી ધ્વારા નિયત કરવામાં આવેલ છે. આ જ કલમ હેઠળ ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરાનાં અન્ય પરિબળો અનુસાર મિલ્કત વેરો વસુલ કરી શકાશે તે અનુસારનું નિર્દિષ્ટ થયેલ છે. કલમ–૧૪૧(બી)ની પેટાકલમ–(૨)માં દર્શાવ્યા અનુસાર '૪૦ ચો.મી.થી વધુ કારપેટ એરીયા ધરાવતી ન હોય તેવી રહેણાંક મિલ્કતો માટે વેરાનો નિર્દિષ્ટ દર અન્ય રહેણાંક મિલ્કતો કરતા ઓછો હોવો જોઈશે'

કાયદામાં સ્પષ્ટ દર્શાવેલ હોવા છતાં પણ જામનગર મહાનગરપાલિકા ધ્વારા તમામ મિલ્કતોમાં આ નિયમ લાગુ પાડવામાં આવેલ છે, જેના હિસાબે જામનગર મહાનગરપાલિકાની વર્ષે કરોડો રૂપિયાનું ટેકસનું નુકસાન થવા જાય છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાવેલ અર્થઘટન મહતમ અને લઘુતમ પરિણામીદરો સબંધમાં કરાવવામાં આવેલ છે તે રદ કરવા અને તમામ મિલ્કતોમાં ફોર્મ્યુલા મુજબ પ્રાપ્ત થતો વેરાનો દર અમલી કરવા ઉપરોકત પરિણામી દર મુજબની વસુલાતની કામગીરી રાજય સરકારશ્રી ધ્વારા આખરી મંજુરી મળ્યા બાદ જ અને સરકારશ્રીનાં અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા બાદ જ નાણાંકીય

વર્ષ ૨૦૧૯–૨૦થી એટલે કે તા.૧/૪/૨૦૧૯થી અમલમાં મુકવાના રહેશે અને ત્યારબાદ જ તે પ્રમાણે મિલ્કત વેરો વસુલ કરવાનો રહેશે.

(જી) ક્ષેત્રફળ આધારીત પ્રોપર્ટી ટેકસનાં મંજુર થયેલ નિયમોમાં રહેણાંક સિવાયની ઈમારતો માટે ઉપયોગ / વપરાશનાં પરિબળનાં નિયત થયેલ ભારાંકમાં સુધારો કરવા બાબત.

જામનગર શહેરમાં વસવાટ સિવાયની મિલ્કતો કે જેનો જુદા જુદા પ્રકારે ઉપયોગ / વપરાશ થાય છે. જે મુજબ ઉકત સંદર્ભિત નિયમો અનુસાર બિનરહેણાંક મિલ્કતોનાં ઉપયોગ / વપરાશ મુજબ તેનાં ભારાંક નિયત કરી ટેકસ વસુલાત કરવામાં આવે છે. શહેરની અન્ય મહાનગરપાલિકાઓ ધ્વારા મંજુર થયેલા ક્ષેત્રફળ આધારીત પ્રોપર્ટી ટેકસનાં નિયમો મુજબ આવી બિનરહેણાંક મિલ્કતોનાં ઉપયોગ / વપરાશનું નિયત કરેલ ભારાંક વધારે હોય, જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	વિગત		જામનગર મ.ન.પા.	અમદાવાદ મ.ન.પા.	સુરત મ.ન.પા.	વડોદરા મ.ન.પા	ગાંધીનગર મ.ન.પા.	ભાવનગર મ.ન.પા.	જુનાગઢ મ.ન.પા
૧	**ઉપયોગનું પરિબળ (ટાઈપ ઓફ યુસેઝ ફેકટર)**								
	(૧)	વાણિજ્ય હેતુઓ માટે	૪.૦૦	૭.૦૦	૩.૫૦	૪.૦૦	૩.૫૦	૫.૦૦	૨.૫૦
	(૨)	દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વિગેરે માટે	૩.૦૦	૬.૦૦	૩.૫૦	૨.૫૦	૩.૫૦	૩.૦૦	૨.૦૦ થી ૨.૫૦
	(૩)	ઔદ્યોગિક ઈમારતો માટે (ફકત પ્રોડકશન અને પ્રોસેસીંગ કરતા એકમો)	૧.૬૦	૨.૦૦	૨.૦૦	૨.૦૦	૩.૫૦	૧.૦૦	૨.૦૦
	(૪)	શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓની ઈમારતો માટે	૦.૫૦	૨.૦૦	૦.૧૦	૨.૦૦	૨.૦૦	૦.૭૫	૧.૫૦
	(૫)	સેવાકીય હેતુની ઈમારતો માટે	૦.૨૫	મૂળ ટેકસ ના ૪૦% રીબેટ		૦.૫૦	૦.૧૦	૦.૭૫	૦.૦૫
	(૬)	ધાર્મિક ઈમારતો, સ્મારકો અને જામનગર મહાનગરપાલિકાની ઈમારતો માટે	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦

આમ, ઉપરોકત વિગતે જામનગર શહેરમાં સમાવિષ્ટ રહેણાંક સિવાયની મિલ્કતો માટે ક્ષેત્રફળ આધારીત પ્રોપર્ટી ટેકસનાં મંજુર થયેલા નિયમો અનુસાર મિલ્કતોનાં ઉપયોગ / વપરાશનું પરિબળ (ટાઈપ ઓફ યુસેઝ ફેકટર)નાં નિયત થયેલ ભારાંક વધારવો આવશ્યક હોય, નીચે મુજબની વિગતોએ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ રહેણાંક સિવાયની ઈમારતો માટેનાં ઉપયોગ / વપરાશનાં પરિબળ (ટાઈપ ઓફ યુસેઝ ફેકટર)માં નીચે મુજબનો સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવે છે.

ક્રમ	ટાઈપ ઓફ યુસેઝ ફેકટરની વિગત	મંજુર થયેલા નિયમો અન્વયે હાલના ભારાંક	મંજુર થયેલા નિયમો અન્વયે સૂચિત ભારાંકની કમિશનરશ્રીની દરખાસ્ત
(૧)	NT1- વાણિજય હેતુઓ માટે	૪.૦૦	૭.૦૦
(૨)	NT2- દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વિગેરે માટે	૩.૦૦	૬.૦૦
(૩)	NT3- ઔદ્યોગિક ઈમારતો માટે (ફકત પ્રોડકશન અને પ્રોસેસીંગ કરતા એકમો)	૧.૬૦	૨.૦૦
(૪)	NT4- શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓની ઈમારતો માટે	૦.૫૦	૨.૦૦
(૫)	NT5- સેવાકીય હેતુની ઈમારતો માટે	૦.૨૫	૦.૨૫
(૬)	NT6- ધાર્મિક ઈમારતો, સ્મારકો અને જામનગર મહાનગરપાલિકાની ઈમારતો માટે	૦.૦૦	૦.૦૦

વ્હીકલ ટેકસમાં વધારો :

જામનગર મહાનગરપાલિકા ધ્વારા હાલે વાહનોમાં ફીકસ વ્હીકલ ચાર્જ લેવામાં આવે છે. આજના સમયમાં વાહનોની કિંમત અલગ–અલગ હોય, આ ફીકસ ચાર્જની જગ્યાએ ગુજરાતના તમામ મહાનગરોમાં વાહનની વેલ્યુ ઉપર વ્હીકલ ટેકસ વસુલવામા આવતો હોય, જામનગર મહાનગરપાલિકા ધ્વારા પણ આ બાબતે અન્ય મહાનગરોની માફક વ્હીકલ ટેકસમાં સુધારો તથા વધારો સૂચવેલ છે.

ક્રમ	વિગત	સરકારશ્રીના પરિપત્ર મુજબ	હાલના કરદર	કમિશનરશ્રીએ સૂચવેલ કરદર
૧	૨	૩	૪	૫
૧.	લકઝરી વોલ્વો (આજીવન કર)	રૂા. ૫૦૦૦/–	રૂા. ૭૫૦૦/–	બિનયાંત્રિક વાહનો માટે આજીવન વાહનકરનો દર – 'શૂન્ય' (કરમુકત) યાંત્રિક વાહનો માટે આજીવન વાહનકરનો દર (રૂ.૧,૦૦,૦૦૦/– સુધીની કિંમતનાં વાહનો માટે) – બેઝીક પ્રાઈઝ + જી.એસ.ટી.ની રકમનાં ૧% લેખે અને રૂ.૧,૦૦,૦૦/– થી ઉપરની રકમ માટે – બેઝીક પ્રાઈઝ + જી.એસ.ટી.ની રકમનાં ૨% લેખે
૨.	નાની બસ (૩૦ શીટર) (આજીવન કર)	રૂા. ૫૦૦૦/–	રૂા. ૭૫૦૦/–	
૩.	મોટી બસ. (૫૬ શીટર) (આજીવન કર)	રૂા. ૫૦૦૦/–	રૂા. ૭૫૦૦/–	
૪.	ટ્રક ખટારા. (આજીવન કર)	રૂા. ૫૦૦૦/–	રૂા. ૭૫૦૦/–	
૫.	ટેકસી કાર. (આજીવન કર)	રૂા. ૨૫૦૦/–	રૂા. ૩૭૫૦/–	
૬.	મોટર કાર. (આજીવન કર)	રૂા. ૨૫૦૦/–	રૂા. ૩૭૫૦/–	
૭.	રીક્ષા છકડા. (આજીવન કર)	રૂા.૧૨૦૦/–	રૂા.૧૮૦૦/–	
૮.	સ્કુટર તથા મોટર (આજીવન કર) સાયકલ.(૫૦ સીસી સુધી માફી.)	રૂા. ૫૦૦/–	રૂા. ૭૫૦/–	
૯.	હેવી વ્હીકલ રોડ (આજીવન કર) રોલર કન્ટેનર, બુલડોઝર વગેરે.	રૂા. ૭૦૦૦/–	રૂા. ૧૦૫૦૦/–	
૧૦.	હરતી ફરતી રેંકડી. ૨૪૦ વાર્ષિક + ૬૦ ટોકન ચાર્જ	રૂા. ૩૦૦	રૂા. ૩૦૦/–	
૧૧.	સ્ટેન્ડ પાસ. ૨૦૦ વાર્ષિક + ૪૦ ટોકન ચાર્જ	રૂા. ૨૪૦	રૂા. ૨૪૦/–	
૧૨.	ઉટ ગાડી.	માફી	માફી	
૧૩.	ટ્રેકટર.	રૂા.૧૨૦૦	રૂા.૧૮૦૦/–	

''ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ''માં સૂચિત વધારો :

ક્રમ	વિગત	હાલના કરદર	કમિશનરશ્રીએ સૂચવેલ કરદર
૧	૨	૩	૪
(૧)	રેસીડેન્ટ	રૂા. ૭૦૦	રૂા. ૧૦૦૦
(૨)	નોન રેસીડેન્ટ	રૂા. ૧૫૦૦	રૂા. ૧૮૦૦

વોટર ચાર્જીસમાં સૂચિત વધારો :

આજના સમયે જામનગર મહાનગરપાલિકાના સ્ત્રોતમાંથી આપવામાં આવતુ પાણી રૂા. ૫.૪૫ પ્રતિ કિલો લીટર પડે છે. જયારે નર્મદાનું પાણી રેગ્યુલર રૂા ૭/– પ્રતિ કિલો લીટર પડે છે. જેની સામે વસુલવામા આવતો પાણી ચાર્જ રૂા. ૩.૫૬ જેટલો હોય, ઉકત ચાર્જમાં વધારો કરવો જરૂરી જણાય છે.

ક્રમ	કર–દર–ચાર્જીસનું નામ	હાલના કર દર	કમિશનરશ્રીએ સૂચવેલ કરદર	નિયત થયેલી કેટેગરી
૧	૨	૩	૪	૫
(બી)	**મીટર વગરના કનેકશનો માટે પાણી દર :–**			
૧	મ્યુનિ. હદમાં ઘર વપરાશમાં, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન લેવાનું રહેશે. જે હાઈરાઈઝ અને લોરાઈઝ બિલ્ડીંગમાં હયાત કનેકશનો હોય તેને મીટર કનેકશનમાં કન્વર્ટ કરવાના રહેશે. જુના ફીકસ કનેકશનો મીટરમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયા હાથ ઉપર છે. જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે.	રૂા. ૧૦૫૦	રૂા. ૧૨૦૦	RT_1 to RT_5
૨	મ્યુની. હદમાં આવેલ માન્ય સ્લમ વિસ્તારમાં ઘર વપરાશ, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન માટે	રૂા. ૫૦૦	રૂા. ૬૦૦	

સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જઃ

સફાઈ પાછળ વહન કરવાના થતા ખર્ચમાં કાયમી અને અવેજી કામદારોના પગાર ખર્ચ, ઘનકચરા નિકાલ ખર્ચ, વાહન ખર્ચ વિગેરેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. છેલ્લા બે વર્ષમાં સફાઈ પાછળ રેવન્યુ ખર્ચ જોઈએ તો સને. ૨૦૧૬–૧૭માં રૂા. ૬૨.૬૦ કરોડ અને સને. ૨૦૧૭–૧૮માં રૂા. ૭૧.૪૦ કરોડ થયેલ છે. જેની સામે સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જની આવક સને. ૨૦૧૬–૧૭માં રૂા. ૧.૫૩ કરોડ અને સને. ૨૦૧૭–૧૮માં રૂા. ૧.૭૯ કરોડ થયેલ છે. સને ૨૦૧૮–૧૯માં રીવાઈઝડ ખર્ચ રૂા. ૮૫.૦૦ કરોડ થવા જશે અને સને ૨૦૧૯–૨૦ માં ખર્ચ રૂા. ૯૦.૧૪ કરોડ થવા જશે. આ આંકડા ઉપરથી જ ફલિત થાય છે કે, મહાનગરપાલિકાએ આ ચાર્જમાં વધારો સુચિત કરવો જોઈએ.

ક્રમ	વિગત	હાલના કરદર	કમિશનરશ્રીએ સૂચવેલ કરદર
૧	૨	૩	૪
૧	(૧) રહેણાંક	રૂા.૨૦/– પ્રતિ માસ	રૂા.૩૩/– પ્રતિ માસ
	(૨) બિનરહેણાંક	રૂા.૩૦/– પ્રતિ માસ	રૂા.૫૦/– પ્રતિ માસ
	(૩) ઈન્ડસ્ટ્રીયલ	રૂા.૫૦/– પ્રતિ માસ	રૂા.૮૩/– પ્રતિ માસ

- **કરદરમાં સૂચવેલ ફેરફારો / વધારો મંજૂર થયેથી મ્યુનિ. આવકમાં અંદાજે નીચે મુજબ વધારાની આવક હેડવાઈઝ મળશે. તે મુજબ સને. ૨૦૧૯–૨૦ના આવકના અંદાજમાં ઉમેરવાની થશે.**

ક્રમ	હેડ	અંદાજે વધારો
૧.	પ્રોપર્ટી ટેકસ	રૂા. ૩૦.૦૦ કરોડ
૨.	વોટર ચાર્જ	રૂા. ૨.૦૦ કરોડ
૩.	ભુગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ	રૂા. ૦.૧૫ કરોડ
૪.	સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ	રૂા. ૪.૫૦ કરોડ
૫.	વ્હીકલ ટેકસ	રૂા. ૧.૦૦ કરોડ
	કુલ	**રૂા. ૩૭.૬૫ કરોડ**

➢ **સૂચનો :**

(૧) ઈ–ગવર્નન્સ અંતર્ગત એફ.એ.એસ. મોડ્યુલ તૈયાર થઈ રહયું છે, જે માર્ચ–૨૦૧૯ અંતિત પૂર્ણ થવાનું હોય. આગામી સાલથી હાથ ધરવાના થતા તમામ કામોનો પ્રોજેકટ કોડ એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનો રહેશે. તમામ અંદાજપત્ર એફ.એ.એસ. મોડ્યુલમાં લાઈવમાં મૂકવામાં આવેલ હોય, તમામ પ્રકારના બિલો મોડ્યુલમાંજ બનાવવાના રહેશે. જો બિલોમાં કોઈપણ સુધારો–વધારો કરવાનું ખાતાકીય લેવલે કે ઓડીટ લેવલે સૂચન થાય તો સૌપ્રથમ પ્રોજેકટ સુધારી અને ઓનલાઈન કમ્પ્યુટરમાં સુધારો કરવાનો રહેશે. મેન્યુઅલી સુધારો કરવાનો રહેશે નહીં. ઓડીટ શાખાએ પણ ઉકત મેન્યુઅલી સુધારો થયેલ હોય તેવા બિલો પાસ કરવાના રહેશે નહીં.

(૨) રીવાઈઝ અંદાજપત્રમાં મૂકવામાં આવેલ અને આગામી વર્ષના અંદાજપત્રમાં મૂકવામાં આવેલ ખર્ચ જોગવાઈ ને આધીન જ કામો કરવાના રહેશે જે કંઈપણ ખર્ચની દરખાસ્તો કમિશનરશ્રી લેવલે અને સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે તેમાં અંદાજપત્રીય જોગવાઈ, થયેલ ખર્ચ, બચત ગ્રાંટ ની વિગતો સહ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

(૩) કોઈપણ કામના વર્ક ઓર્ડર આપતા પહેલા ગ્રાન્ટ ઉપલબ્ધી અંગેનુ એન.ઓ.સી. એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનું રહેશે.

(૪) તમામ શાખાઓએ લાગુ પડતા રાજય/કેન્દ્ર સરકારશ્રીના તમામ ટેકસીસ જેવા કે, જી.એસ.ટી., ઈન્કમ ટેકસ, ટી.સી.એસ., ભવિષ્યમાં લાગુ થનાર અન્ય ટેકસ, લેબર શેષ, કેરણ વેસ્ટ ચાર્જ વિગેરે ટેકસીસ શાખાએ ફરજીયાત ઉઘરાવવાના રહેશે. અન્યથા શાખા અધિકારી / કન્ટ્રોલીંગ અધિકારીની જવાબદારી રહેશે.

(૫) મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાકટર / વેન્ડર રજીસ્ટ્રેશન ઓનલાઈન મૂકવામા આવેલ છે. દરેક કોન્ટ્રાકટર / વેન્ડર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યારબાદ જ કોન્ટ્રાકટર / વેન્ડરનું લેજર એકાઉન્ટમાં ખોલવામાં આવશે.

(૬) એમ્પ્લોઈ પ્રોવિડંટ ફંડ એન્ડ મીસેલીનીયસ એકટ ૧૯૫૨ અનુસાર પ્રિન્સીપલ એમ્પલોયર તરીકે કોન્ટ્રાકટરના કામદારોની ઈ.પી.એફ. કોમ્પ્લાયન્સની જવાબદારી જામનગર મહાનગરપાલિકાની રહે છે. આથી તમામ બ્રાન્ચ અધિકારીએ કોન્ટ્રાકટરના કામદારોની વેતન ચૂકવણી અને ઈ.પી.એફ. કોમ્પલાયન્સ ફરજીયાતપણે ચેક કરવાના રહેશે. આ બાબતે જણાયેલ ક્ષતિ અને ભવિષ્યે થતી જવાબદારી જામનગર મહાનગરપાલિકા ભોગવશે નહીં અને જે તે બ્રાન્ચ અધિકારીની નિયત કરવામાં આવશે.

(૭) રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોનું ચુકવણુ ઓનલાઈન કરવાનુ ફરજીયાત બનાવેલ હોય, આવા રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોમાં પાર્ટીનું પુરૂ નામ(બેંક ખાતામાં દર્શાવેલ હોય તે મુજબ), પાન કાર્ડ, બેંક એકાઉન્ટ નંબર (પુરા ડીજીટમાં), આઈ.એફ.એસ.સી. કોડ, માઈકર કોડ, બેંકનું નામ તથા બ્રાન્ચની વિગતો સ્પષ્ટ પૂરી પાડવાની રહેશે. અન્યથા આવા બિલોનું ચૂકવણુ કરવામાં આવશે નહીં. ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર આધાર બેઈઝથી પેમેન્ટ કરવાનું થતું હોય, કર્મચારીઓ અને લાભાર્થીઓના આધાર નંબર ફરજીયાત માસ્ટરમાં અપડેટ કરવાના રહેશે.

(૮) આવક કરતી તમામ શાખાએ નિયત થયેલ અંદાજપત્ર કોડ અને એકાઉન્ટ કોડ ઉપર જ પહોંચ કઢાવવાની રહેશે. જો આ બાબતે કોઈ વિસંગતતા જણાય તો એકાઉન્ટ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

(૯) જામનગર મહાનગરપાલિકાનું કેપીટલ સ્વભંડોળ અંદાજપત્ર માત્રનેમાત્ર જમીન વેચાણની આવક ઉપર આધારીત હોય, સ્વભંડોળના કામો અન્વયે જમીન વેચાણથી થયેલ ઉપજની ઉપલબ્ધી અનુસાર સ્વભંડોળના કામો હાથ ધરવાના રહેશે.

(૧૦) આવશ્યક અને ઈમરજન્સી કામો અન્વયે જે કંઈપણ દરખાસ્ત કમિટી સમક્ષ કરવામાં આવે તે કામ અંગે અંદાજપત્રમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં કામના ખર્ચ મંજુરીની સાથે ગ્રાંટ ટ્રાન્સફર ની દરખાસ્ત પણ સાથે જ કરવાની રહેશે.

ઉપરોકત હકીકતે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશનએકટ–૧૯૪૯ની કલમ–૯૫, ૯૯, ૧૨૭ હેઠળ રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજો નજર સમક્ષ રાખી **સને.૨૦૧૯–૨૦નાં વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.** જે સ્ટેન્ડીંગ કમિટી મારફત જનરલ બોર્ડની મંજુરી મેળવવા માટે આ સાથે હું રજૂ કરૂ છું.

જામનગર.
તા.: ૩૧/૦૧/૨૦૧૯

(આર. બી. બારડ)
આઈ એ એસ
કમિશ્નર.
જામનગર મહાનગરપાલિકા